PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/કવા–૦૪/૧૬–૧૭/ 3629 તા. 29/04/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નરોતમભાઈ નારણભાઈ નાખવા, તેમજ અન્ય ૬ અરજદારો,
ગામ: ઠેબા,
તા. જામનગર
જી. જામનગર

વિષય :—નવા ટીસી મેળવવા બાબત
સંદર્ભ:— આપની અરજી , તા. ૨૨–૦૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૪/કવા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-2.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02 [c]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. :સીજીઆરએફ : ૫૪/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટી મીટીંગ: તા. ૨૭–૦૪–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: નરોતમભાઈ નારણભાઈ નાખવા, તેમજ અન્ય ૬ અરજદારો, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

**રજુઆત કરનાર :કે.એન.ખારા (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

નાયબ

**: હુકમ :**

**ફરીયાદ : નવા ટીસી મેળવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના કુલ ૦૭ ખેડુતો ના જોડાણો ને, હાલ ના તબ્બકે, આ ગ્રુપ ના એકજ ટ્રાન્સફોર્મર માથી, જુદી જુદી એલ.ટી.લાઈન કરી અને વીજપુરવઠો આપવામા આવે છે. જેથી, દરેક એલ.ટી.લાઈન ના વચ્ચેના વિસ્તારો વાળા માણસો, લાઈન ઉપર લંગરીયા નાખી અને સીધો પાવર વાપરે છે. આવા કારણોસર, વારંવાર ટ્રાન્સફોર્મર નો ડીઓ ફયુઝ ઉડી જાય છે, અને વીજવિક્ષેપ સતત રહે છે. આ સમસ્યા કાયમી ધોરણની છે. તેના કાયમી હલ માટે,દરેક જોડાણ ને અલગ–અલગ ટ્રાન્સફોર્મર મળી રહે, તે માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના કુલ ૦૭ ખેડુતો ના જોડાણો મા વારંવાર વીજવિક્ષેપ ની ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક વિભાગીય કચેરી તરફથી, ફરીયાદ નિવારણ સમીતી ની બેઠક મા, મુખ્ય ફરીયાદી અરજદાર શ્રી નરોતમભાઈ નારણભાઈ નાખવા ને રૂબરૂ હાજર રાખી, અને તેઓ શ્રી ની ફરીયાદ ના કાયમી નિરાકરણ માટે, પીજીવીસીએલ કક્ષાએથી '' સદર જોડાણો ના વીજગ્રુપ માહેના કુલ વીજભાર ને વિભાજીત કરી, અને તે મુજબ, એક નવુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની દરખાસ્ત, જે અગાઉ મંજુર કરાયેલ છે. તે મંજુરી મુજબ ની કાર્યવાહી ના ભાગરૂપ, સદર ખેતીવાડી વીજગ્રુપ ના કુલ ૦૨ ભાગો થતા, અને પ્રત્યેક ભાગ મા નવુ ટ્રાન્સફોર્મર ઉભુ થતા, કુલ વીજભાર ને પણ વિભાજન થતા, અને જરૂરી સમારકામ પણ થતા, આમ, આ કામગીરી એક માસ મા પૂર્ણ થતા, ફરીયાદી અરજદાર શ્રી ના સદર ૦૭ જોડાણો મા, વીજવિક્ષેપ ની ફરીયાદ નહીવત રહેશે. તે મુજબ ની જાણકારી ફરીયાદી અરજદાર શ્રી ને આપવામા આવતા, ફરીયાદી અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની આ બાબત, ફરીયાદી અરજદાર શ્રી એ, કચેરી મા હાજર રહી અને રાજીખુશી તેમજ તેમના તા.૨૩–૦૩–૧૭ ના લેખીત સંમતીપત્ર મા સહી કરી અને માન્ય રાખેલ છે.આમ, હવે અરજદાર શ્રી ને સદર બાબતે કોઈ ફરીયાદ રહેતી ન હોય, સદર ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **<u>૩.૧</u>** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની, '' ફરીયાદી અરજદાર શ્રી ના હૈયાત જોડાણ ના વીજગ્રુપ ના વિભાજન ની કામગીરી, જે ૦૨ ભાગ મા, પ્રત્યેક ભાગ મા નવુ ટ્રાન્સફોર્મર ઉભુ કરી, અને જરૂરી એવુ તમામ સમારકામ પણ હાથ ધરી, અને દિન–૩૦ મા, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ સંપન્ન કરવા'' બાબતે ની, પીજીવીસીએલ ની સદર કામગીરી ની અગાઉ ની, મંજુરી અન્વયે ની તમામ કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૨૩–૦૩–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ અરજદાર ના તા.૨૩–૦૩–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે.જેથી, સદર કામગીરી દિન–૩૦ મા, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તે મુજબ, તેમના ૩૦ દિન બાદ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\A JUDGEMENT FOLDER\17 MAR 17\RURAL RAJKOT.doc